# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ ,અફવાઓથી દૂર રહેવા નાગરિકોને ગુજરાત સરકારની અપીલ.**
2. **પૂરતુ પેટ્રોલ ઉપલબ્ધ હોવાને કારણે પેટ્રોલ પંપો ઉપર લાઇનો લગાવાની જરૂર ન હોવાની ઓઇલ કંપનીઓએ નાગરિકોને વિનંતી કરી**
3. **પેટ્રોલ-ડીઝલ મામલે અફવાઓ ફેલાવનાર સામે કાર્યવાહી કરવા ગૃહરાજ્ય મંત્રીની સૂચના**
4. **ગુજરાત ટ્રેડ એન્ડ ટ્રેડિશનથી આગળ વધીને ગ્લોબલ ઇકોનોમિક અને નોલેજ સેન્ટર તરીકે ઉભરી રહ્યું હોવાનું જણાવતા મુખ્યમંત્રી**
5. **આગામી દિવસોમાં રાજ્યમાં ગરમીમાં વધારો થાય તેવી આગાહી.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PETROL ASSURANCE GUJ GOVT

ગુજરાત સરકાર દ્વારા સત્તાવાર સ્પષ્ટતા કરી છે કે રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. સરકારે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે લોકોને ખાત્રી આપી છે કે, પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની જરૂર નથી . રાજ્ય પાસે પૂરતો બફર સ્ટોક ઉપલબ્ધ છે.

## બાઇટ- મોના ખંધાર, અધિક મુખ્ય સચિવ

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન- IOCLના સ્ટેટ નોડલ ઓફિસર અને એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર સંજીવ બહેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ પેટ્રોલ-ડીઝલના ડેપો અને ટર્મિનલ્સમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઇન્વેન્ટરી ઉપલબ્ધ છે. જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાઈનો લગાવવાની જરૂર નથી અને ગમે ત્યારે જોઈએ તેટલું ઈંધણ મળી રહેશે.

## બાઇટ- સંજીવ બહેરા , ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન- IOCLના સ્ટેટ નોડલ ઓફિસર અને એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન અને પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન દ્વારા રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની જાહેર જનતાને મહત્વની ખાતરી આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા કહેવાયું છે કે, પેટ્રોલ અને ડીઝલની અછત હોવાના સમાચાર માત્ર અફવા છે. આ ઉપરાંત જો કોઈ ડીલર પાસે જથ્થો હોવા છતાં જાણીજોઈને પંપ બંધ રાખશે અથવા જનતાને હેરાન કરશે, તો તેની સામે સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

----------

પીટીસી - ગાંધીનગર –હર્ષલ પંડ્યા – મોનાલી

# SANGHAVI MEET

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પેટ્રોલ ડીઝલ મામલે કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા નાગરિકોને અપીલ કરી છે.

ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસ પુરવઠાની સમીક્ષા કર્યા બાદ શ્રી સંઘવીએ કહ્યું , રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના સતત સંપર્કમાં છે. તેમણે ઉમેર્યું ,પેટ્રોલ પંપ સંચાલકો જો કાળાબજારી કરતા જણાશે તો કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે.

**(બાઈટ : હર્ષ સંઘવી - નાયબ મુખ્યમંત્રી)**

..............................

PTC - GANDHINAGAR - MAYUR – SHIRALI

# CM DAIKINE UNI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડિકીન યુનિવર્સિટી-ગિફ્ટ કેમ્પસની પ્રથમ ગ્રેજ્યુએટ બેચના દીક્ષાંત સમારોહમાં સંબોધનમાં કહ્યું હતું કે , ગુજરાત ટ્રેડ એન્ડ ટ્રેડિશનથી આગળ વધીને ગ્લોબલ ઇકોનોમિક અને નોલેજ સેન્ટર તરીકે ઉભરી રહ્યું છે.

મુખ્યમંત્રીએ ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવી રહેલા યુવાઓને અભ્યાસ દરમિયાન પ્રાપ્ત કરેલા જ્ઞાન , કૌશલ્ય અને વૈશ્વિક અનુભવ ભવિષ્યમાં રાષ્ટ્ર પ્રથમના ભાવ સાથે અગ્રેસર રહેવા અનુરોધ કર્યો હતો.

બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી

----------

પીટીસી - ગાંધીનગર –હર્ષલ પંડ્યા – મોનાલી

# CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો કાર્યક્રમ ‘રાજ્ય સ્વાગત’ 25 માર્ચ, બુધવારે યોજાશે. નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો બુધવારે સવારે 8 થી 11 કલાક દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

..............................

INFO - MAYUR – SHIRALI

# Surendranagar budget

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૭૫૭.૦૨ કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું.

અંદાજપત્રમાં રૂ. ૪૫૦ કરોડના નવા કામોના આયોજન દ્વારા રોડ , પાણી-ડ્રેનેજ, સ્વચ્છતા, આરોગ્ય, આવાસ તથા ડિજિટલ સુરક્ષા જેવા ક્ષેત્રોમાં ઝડપી પ્રગતિ થશે અને શહેરને આધુનિક , ટકાઉ તથા નાગરિક-કેન્દ્રિત બનાવવામાં મદદ મળશે.

..............................

સુરેન્દ્રનગર - મિત્તલ – મોનાલી

# NAVSARI BUDGET

નવસારી મહાનગરપાલિકનું વર્ષ 2026-27 માટે એક હજાર 286 કરોડ રૂપિયાનું અંદાજપત્ર સામાન્ય સભામાં રજૂ કરાયું. અંદાજપત્રમાં કોઈ કર વધારો કરાયો નથી.

ઈલેક્ટ્રિક વાહનો પર કર મુક્તિ , રેન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ અને સોલર રૂફટોપ ઇન્સેન્ટિવ સ્કીમની જાહેરાતનો આ અંદાજપત્રમાં સમાવેશ કરાયો છે. આ વખતે અંદાજપત્ર અગાઉ નાગરિકોના સૂચનો મંગાવાયા હતા. આ સૂચનોનો અભ્યાસ કરી ડ્રેનેજ સિસ્ટમ , શુદ્ધ પીવાનું પાણી અને સ્ટ્રીટ લાઈટ જેવી પાયાની સુવિધાઓ માટે કરોડોની જોગવાઈ કરાઇ છે.

----------

PTC - NAVSARI - MAYUR – SHIRALI

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

..................................

ડેસ્ક

# ROJGAR MELO

અમદાવાદના અસારવા ખાતે 25મી માર્ચના રોજ ગાર ભરતી મેળો યોજાશે. શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આ રોજગાર મેળો અસારવા ખાતે સવારે ૧૧:00 કલાકે યોજાશે.

આ રોજગાર ભરતી મેળામાં મેન્યુફેક્ચરીંગ સેક્ટર , સર્વિસ સેક્ટર, ફાર્મા સેક્ટર વગેરે સેક્ટરની કંપનીઓ જેવી કે એપોલો ફાર્મસી , ડી-માર્ટ, ગ્લોબલ ટેક ઇન્ડિયા, ફીટ કાસ્ટ એન્જીનીયરીંગ વગેરે જેવી કંપનીઓ ઉપસ્થિત રહી ફાર્માસિસ્ટ, ફાર્માસિસ્ટ આસિસ્ટન્ટ , બીડીઈ, એન્જીનીયર, એચ.આર, કેશિયર,પેકર,સેલ્સ એસોસિએટ, હાઉસ કીપર ,ટેકનીશ્યન, ઓપરેટર, હેલ્પર, ટ્રેઈની વગેરે જેવી પોસ્ટ માટે જોબ ઓફર કરશે.

આ ભરતી મેળામાં, ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ, આઈટીઆઈ એની ગ્રેજ્યુએટ, બી.ફાર્મ, ડી-ફાર્મ, એમ-ફાર્મ,બીઈ-ઇસી, વગેરે જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષ ની આયુ ધરાવતા ઉમેદવારો ભાગ લઇ શકશે.

..............................

અખબારી યાદી – હર્ષલ પંડ્યા – મોનાલી

# WEATHER

રાજ્યમાં આગામી દિવસો દરમિયાન વાતાવરણ શુષ્ક રહેશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યુ હતું કે, આવતા ૩ દિવસમાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી વધી શકે છે.

બાઈટ : એ. કે દાસ ( હવામાન વિભાગ )

----------

પીટીસી - અમદાવાદ –હર્ષલ પંડ્યા – મોનાલી

# Daman_dukan

દમણ નગરપાલિકાએ માન્ય વ્યવસાય લાઈસન્સ વગર કાર્યરત ૮ થી ૧૦ જેટલી દુકાનો સીલ કરી હતી.

દમણ નગરપાલિકાના અધિકાર ક્ષેત્રમાં કાર્યરત તમામ સંસ્થાઓ માટે વ્યવસાય લાઇસન્સ મેળવવું ફરજિયાત છે. સંબંધિત દુકાન માલિકોને આવી કાર્યવાહી ટાળવા માટે શક્ય તેટલી વહેલી તકે લાઈસ ન્સ મેળવી લેવાની સલાહ આપવામાં આવી છે.

...............................

દમણ – મિત્તલ -મોનાલી

# Ahmedabad chess tournament

અમદાવાદમાં ખાતે ચેસ સીરીઝ 2026નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંધ ખેલાડીઓએ પણ ભાગ લીધો.

રેટેડ ખેલાડીઓમાં અદાલજા વંશએ , સોહિલ શેખ સહિતના ખેલાડીઓ તેમજ અનરેટેડ ખેલાડીઓમાં નિલેશ ગુપ્તા , સાગર પરમાર અને દેવસ્ય ઠાકર વિજેતા બન્યા હતા. આ સીરીઝની અંતિમ ટુર્નામેન્ટ આગામી 4 એપ્રિલે અમદાવાદમાં યોજાશે.

--------------------

અખબારી યાદી - મિત્તલ – મોનાલી

# DANG TB FREE

વર્ષ 2025 દરમિયાન ડાંગ જિલ્લાની 45 ગ્રામ પંચાયતો ટીબી મુક્ત જાહેર કરવામાં આવી. ત્યારે આજે "વિશ્વ ક્ષય દિવસે કુલ 21 ગ્રામ પંચાયતોને પ્રમાણપત્ર તથા મહાત્મા ગાંધીજીની કાંસ્ય પ્રતિમા એનાયત કરવામાં આવશે તથા 23 ગ્રામ પંચાયતોને ચાંદીની પ્રતિમા અને એક ગ્રામ પંચાયત કે જેણે સતત ત્રણ વર્ષ સુધી ટીબી મુક્ત ગ્રામ પંચાયતની લાયકાતો જાળવી રાખી હોઇ તેને સોનાના આવરણની પ્રતિમા એનાયત કરી ટીબી મુક્ત પંચાયત તરીકે જાહેર કરાશે.

----------

PTC = DANG = MAYUR – SHIRALI